## આપે મારા રાજકુમારોને આપના ચંપલ ઊંચકવા ન દીધા હોત તો ખરેખર આપ સજા પામત, પણ આપે તો તેમની ગુરૂની ઈજ્જત કરવાનું શીખવી સુંસ્કારો આપ્યાં છે

### સાચા ગુરુજન

- ડો. મહેબૂબ દેસાઈ

મઝહબ હમેં સિખાતા આપસ મેં પ્યાર કરના

હિન્દુ અને ઇસ્લામ બંને સંસ્કૃતિઓમાં ગુર કે ઉસ્તાદનું સ્થાન મોખરે છે. ઇસ્લામમાં આવા સાચા ગુરૂનાં સ્થાન-માન, મૂલ્યોને અભિવ્યક્ત કરતાં બે દૃષ્ટાંતો અત્રે પ્રસ્તુત છે.

હારૂન રશીદ બગદાદના ખલીફા હતા. તેમનો પુત્ર અને તેના મામા બંને હજરત ઇમામ કસાઇ પાસે શિક્ષણ લેવા જતા. એક દિવસ ગુરૂ બંને શહેજાદાઓને ભણાવીને ઊઠયા. બને શહેજાદાઓ ગુરૂનાં ચંપલ લેવા દોડ્યા અને બંને વચ્ચે ઝઘડો થયો. કોણ ગુરૂને ચંપલ પહેરાવે? અંતે ગુરૂએ ન્યાય કર્યો, બંને એક એક ચંપલ પહેરાવે. ખલીફા હારૂન રશીદને આ ઘટનાની જાણ થતાં તેમણે ગુરૂને દરબારમાં હાજર કરવા હુકમ કર્યો. હજરત ઇમામ કસાઇ દરબારમાં હાજર થયા. ખલીફા હારૂને ભર દરબારમાં આપને પૂછ્યું.

'આપે મારા રાજકુમારો પાસે ચંપલ ઉપડાવી, તેમને પહેરાવવાનું કહ્યું હતું?'

હજરત ઇમામ કસાઇએ હા પાડી. આવો એકરાર સાંભળી દરબારીઓ ભયભીત થઇ ગયા. હમણાં ખલીફા હારૂન હજરત ઇમામ કસાઇને માથું ઉતારી લેશે. પણ થોડી વાર એક નજરે હજરત ઇમામ કસાઇને જોઇ ખલીફા હારૂન બોલ્યા, 'આપે મારા રાજકુમારોને આપના ચંપલ ઊંચકવા ન દીધા હોત તો ખરેખર આપ સજા પામત, પણ આપે તો તેમની ગુરૂની ઇજ્જત કરવાનું શીખવી સુંસ્કારો આપ્યાં છે.'

દરબારીઓ ખલીફાનું આ વલણ જોઇ ખુશ થયા. જયારે હજરત ઇમામ ખલીફાને કુરનીશ બજાવી ચાલતા થયા ત્યારે ખલીફાનો અવાજ તેમના કાને પડયો. 'થોભો, મેં આપને જવાની આજ્ઞા હજુ નથી આપી.' પોતાના આસન પરથી ઊભા થઇ ખલીફા હારૂન રશીદ ગુરૂ પાસે આવ્યા અને તેમને દસ હજાર દિનાર આપતાં બોલ્યા, 'આપે મારા રાજકુમારોને જે કંઇ આપ્યું છે તેની તુલનામાં આ તો ઘણું ઓછું છે. છતાં સ્વીકારીને આભારી કરો.'

દરબારીઓ ખલીફા હારૂન રશીદનો આ વ્યવહાર અવાચક બની જોઇ રહ્યાં.

ગુરૂની નીતિમત્તા અને મૂલ્યોનાં જતનનો આવો જ એક અન્ય કિસ્સો માણવા જેવો છે. અલીગઢના અપાર ધનાઢ્ય મૌલવી ઇસ્માઇલને હદીસનું જ્ઞાન મેળવવાની ઇચ્છા થઇ. તેમણે અત્યંત વિદ્વાન હજરત મૌલાના કાસીમ નાનોતવીનો સંપર્ક સાધ્યો. ગુરૂ હજરત કાસીમે શિષ્ય ઇસ્માઇલ સામે એક નજર કરી પછી પોતાની શરત સંભળાવતાં કહ્યું, 'તમને હદીસનો અભ્યાસ તો કરાવું પણ તનખ્વાહ (વેતન) મારી ઇચ્છા મુજબ લઇશ.'

શિષ્ય ઇસ્માઇલે તરત કહ્યું, 'આપ કહો તે તનખ્વાહ (વેતન) મને મંજૂર છે!' અને ગુરૂ શિષ્યનો નાતો બંધાયો. એક માસને અંતે વતન આપવાનો સમય આવ્યો ત્યારે ગુરૂ કાસીમે કહ્યું, 'મને માત્ર પંદર રૂપિતા તનખ્વાહ આપો.'

આ સાંભળી ધનાઢ્ય શિષ્ય ઇસ્માઇલ તો અવાક્ બની જોઇ રહ્યો. માત્ર પંદર રૂપિયા! પણ આવા જ્ઞાની ગુરૂ પાસે દલીલને અવકાશ ન હતો. એટલે મૌન રહી પંદર રૂપિયા આપી દીધા. એકાદ માસ થયો ત્યાં તો એક દિવસ ગુરૂ કાસીમે પોતાના ધનાઢ્ય શિષ્યને કહ્યું, 'મારે તનખ્વાહ બાબત તારી સાથે વાત કરવી છે.'

શિષ્ય ઇસ્માઇલ તો ખુશ થયો. તેને લાગ્યું કે વેતનમાં વધારો કરવાનો પ્રસ્તાવ ગુરૂ મૂકશે. પણ ગુરૂ કાસીમ બોલ્યા, 'આ માસથી મને પંદરને બદલે માત્ર દસ રૂપિયા જ વેતનના આપજો.'

હવે ધનાઢ્ય શિષ્યથી ન રહેવાયું. 'આપ જેવા જ્ઞાની પાસેથી હદીસનું ગૂઢ જ્ઞાન મેળવવું એ તો તકદીરની વાત છે, છતાં આપ આટલું વેતન શા માટે માગો છો?' હજરત કાસીમ બોલ્યા, "પંદર રૂપિયા મારી જરૂરિયાત પૂર્ણ કરવા પૂરતા હતા. મારા કુટુંબના દસ રૂપિયા અને પાંચ રૂપિયા મારા વાલીદ (પિતા) ને આપતો. પણ ગઇ કાલે તેમનું અવસાન થયું એટલે હવે પાંચ રૂપિયાની મારે જરૂર નથી. જે પૈસાની જરૂર ન હોય તેનો બોજો મારે શા માટે વહન કરવો જોઇએ?" આટલું કહી ગુરૂ કાસીમે વિદાય લીધી.

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ફોરમ નામનું મુખપત્ર શરૂ કરવામાં આવ્યું છે, જેમાં સભ્યોની સિદ્ધિઓ, પ્રવૃત્તિઓ અને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે

### સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

**સાહિત્ય - સમાચાર સેતુ**

● ગાંધીનગર સાહિત્ય સભાની માસિક સામાન્ય સભાની બેઠક તા. ૧૨-૦૫-૨૦૧૩ ના રોજ મળી હતી તેમાં સાંપ્રત સમાજમાં ધર્મ-રાજકારણ અર્થકારણના સમાજ જીવન પર પડેલ પ્રભાવો અંગે વિશદ ચર્ચા થઇ તે ઉપરાંત સંસ્થાના વાર્ષિક હિસાબો કોષાધ્યક્ષ સુમંતભાઇ શાહ દ્વારા રજૂ કરવામાં આવતાં તેને સર્વસંમતિથી મંજુરી આપવામાં આવી હતી. કડી કેમ્પસના ડાયરેક્ટર સોમભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક સાહિત્ય સ્પર્ધાની શરૂઆત આગામી માસથી શરૂ કરવા અંગેની વિચારણા પણ થઇ હતી તે ઉપરાંત ત્રિભોવન દાસ પટેલ વ્યાખ્યાન માળા અંતર્ગત 'સમાજ જીવનમાં પશુપ્રેમ' વિષય અંગે જાણીતા અભિનેતા અને વિદ્વાન ઉપેન્દ્ર ત્રિવેદીનું વ્યાખ્યાન તા. ૨૫-૦૫-૨૦૧૩ સવારે ૧૦-૦૦ કલાકે બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પસ ગાંધીનગર ખાતે યોજવા અંગે સક્રીય વિચારણા સહિત કડી સર્વ વિદ્યાલય અને સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે યોજાયું છે જેમાં સાહિત્યસભાના સૌ સભ્યો, નગરની વિવિધ સંસ્થાઓનાં આગેવાનો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ભાવકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● લય પ્રલય સંસ્થા બોટાદ આયોજીત ગુજરાતી ભાષા સાહિત્ય સંમેલન અને ગોષ્ઠી ઉપરાંત વિવિધ સ્પર્ધામાં વિજેતાઓને ડ્રેસ અર્પણ કરવાનો કાર્યક્રમ ગત તા. ૦૫-૦૫-૨૦૧૩ સ્વાધ્યાય હોલ નદી કિનારે બોટાદ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં નવલકથા, અંગે ભરત મહેતા નવલિકા અંગે ડો. રાજેન્દ્ર પટેલ, નવલિકા અને નવલિકા મહિલા વિભાગોમાં સ્પર્ધકો ને ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના બાળવાર્તા માટે ગીરાબેન પીનાકીન ભટ્ટ, નટવર હેડાઉ 'વનવિહારી'ને નવલિકા મહિલા માટે પ્રજ્ઞાબેન પટેલ અને નવલિકા વિભાગમાં જ જયંતિભાઇ મકવાણાને સન્માનિત કરવાનું ગૌરવ રમેશ વસાણીએ પ્રાપ્ત કર્યું હતું.

● ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી અમદાવાદ અંતર્ગત અરવિંદ વેગડાના કાવ્ય સંગ્રહ 'ઝીબ્રા ક્રોસિંગ' પ્રવીણ ગઢવીના કાવ્યસંગ્રહ Poet's Voice કાંતિલાલ પરમારની નવલકથા 'વજપ્રહાર' અને રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં ગુજરાતી સાહિત્ય પરિષદ ભવન ખાતે યોજાઇ હતી. જેમાં અતુલ પરમાર, રઘુવીર ચૌધરી ઉપરાંત ગાંધીનગરના સર્જકો કિશોરસિંહ સોલંકી અને પ્રવીણ ગઢવીએ વકતવ્યો આપ્યાં હતાં. તેમજ સર્જકો કેફિયત અને સ્વરચિત કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું.

● ગુજરાત સાહિત્ય સંગમ - ગાંધીનગરના ઉપક્રમે આગામી માસમાં સુરત ખાતે સાહિત્ય સંમેલન યોજવામાં આવ્યું છે જેમાં જાણીતા વિદ્વાન, સમાજસેવક, સાહિત્યકાર અતુલ પાઠકજીના પુસ્તક 'સાહિત્યની કેડીએ' નું વિમોચન તેમજ 'ઇન્દુભાઇ જાની' સાહિત્યશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવશે.

● ગુજરાત રાજય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષાના જાણીતા હાસ્યલેખક તારક મહેતાને વર્ષ ૨૦૧૧ માટે અને ભગવતીકુમાર શર્માને વર્ષ ૨૦૧૨ માટેનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર તા. ૨૨-૦૫-૨૦૧૩ ના રોજ સાંજે ૬-૦૦ કલાકે એચ.કે. આર્ટ્સ કોલેજ અમદાવાદ ખાતે અર્પણ થશે. જેમાં સાહિત્ય રસિકોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ફોરમનું નામનું મુખપત્ર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સભ્યોની સિદ્ધિઓ, પ્રવૃત્તિઓ અને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. હાલમાં પ્રગટ થયેલ અંકમાં સુંદર ફોટોગ્રાફ સાથે કલ્ચરલ ફોરમનો ૧૮ વર્ષનો ઇતિહાસની શુભેચ્છાઓ અંગ્રેજીમાં આપી છે, છાપી છે.

**ગ્રંથ સેતુ**

હાલમાં શાળા-કોલેજોમાં વેકેશન ચાલી રહ્યું છે ત્યારે બાળકો અને યુવાનો ગમતાંનો ગુલાલ કરે તેવા સાહિત્યના વાંચનની પણ જરૂરિયાત રહે છે. તે વખતે ડિવાઇન પબ્લીકેશન અમદાવાદ દ્વારા આવાં જ સુંદર પુસ્તકો પ્રાપ્ત થયાં છે જે સૌને ગમી જાય તેવાં છે.

**● ઉજાણી : સંપાદક - અનુવાદ : હુંદરાજ બલવાણી**

ફન, પઝલ, કાર્ટૂન, મોજમસ્તી જેવી પ્રવૃત્તિઓ માટે ખાસ પ્રવૃત્તિ ચિત્રોનો ખજાનો આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. જેમાં ચિત્રો દ્વારા, પતંગિયુ ફસાયું, મનોહરભાઇની માછલીઓ, મારે જાવું પેલે પાર, બાહુ અને ગણેશજી, ચાર ખૂણાના ચાર સાપ, કીડીઓ અને બુંદી, રસ્તા ખોટા બતાવો, ચહેરામાં ચહેરા, માસ્ટર મૂલચંદ ફસાયા, જેવાં વિવિતાસભર ૫૦ થી વધુ ચિત્રો સાથે પ્રવૃત્તિઓ કરવા બાળકો પ્રેરાય તેવું આ પુસ્તક છે. જો જો તો ખરા જોતાં જ ગમી જશે.

**● રાજુ નામનો છોકરો, લેખક : ગોવિંદ દરજી 'દેવાશું'**

માનવતા એટલે સદ્ગુણોની સમૃદ્ધિ, તેમાં પ્રેમ છેક ટોચે જઇ વિરાજતો ગુણ છે. ઇશ્વરનું બીજું નામ જ બાળક છે. તેમની સાથે તેમની નિર્દોષતામાં એકાકાર થવાનું ગમે તેવી ૨૫ જેટલી બાળવાર્તાઓ નો આ સંગ્રહ છે. જેમાં બાળકો માટે વાસુ વાંસળીવાળો પણ છે અને કાબરનાં બચ્ચાં પણ છે. ધાબા પર સમડી ઘાયલ થઇને પડે છે ને બાળકોનું હૃદય પરિવર્તન થતાં પતંગો ઉડાવવાનું મુકી પક્ષી બચાવ અભિયાનમાં લાગી જાય છે. ફ્રિજના પાણીના ગુણ અવગુણ વિષે વાર્તાકાર લેખકે બાળ માનસને ધ્યાને લઇ સરસ વાર્તા મુકી છે તે ઉપરાંત પંખીઓની પરબ, શાનની સાયકલ, રેઇનકોટ, ઉંદો અને ઉમો, બિટુનો બુટ, દાદાજીને ત્રિગુણી રસી, પ્રતિકનો પ્રશુપ્રેમ, શિશ્નુ શિયાળ, દેવુ દેડકો અને વાઘુ વાનર, હોલાનો માળો, સાપસીડી, રાજુ નામનો છોકરો, શેઠની મહાનતા, સન્તુ સસલાજી, બીનાની બિલ્લી, જીદનું પરિણઆમ, સાચોરાજી જેવી મોજમજાને મસ્તી કરાવી દે તેવી વૈવિધ્યસભર વિષયો સાથે બાળકોને આનંદ પ્રમોદ કરાવી જ્ઞાન સાથે ગમ્મત આપતી આ બાળવાર્તાઓ ખરેખર મજા પડી જાય તેવી છે.

**● વન્ડરફૂલ વાતો, લેખક : હુંદરાજ બલવાણી**

વિજ્ઞાનની વાતો, વૈજ્ઞાનિક શોધખોળો, જીવજંતુ, પશુપંખીઓ નો પરિચય, પર્યાવરણ અને ભૂગોળ જેવા વિષયો પર સામાન્ય જ્ઞાન અને માહિતી રસાળ શૈલીમાં, ટૂંકમાં અને મુદ્દાસર નાનકડા લેખો રૂપે મળે તો બાળકોને વાંચવામાં મજા પડે અને ઇલેક્ટ્રોનિક મીડિયાના આ યુગમાં બાળકો સાથે કમદ મીલાવી શકે તેવા ઉમદા હેતુ સાથે આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૭ જેટલાં સચિત્ર લેખો અને સમાચારોને સમાવવામાં આવ્યા છે. તેના વિષયો પણ કેવા રસપ્રદ અને ગમી જાય તેવા છે જેમ કે - ફ્રિજમાંથી નીકળશે. તાજા સમાચારો, હાથપગ બાંધીને તરવાવાળો, અનોખી રેલગાડી, કીડીઓનાં સંગ્રહાલયમાં, એક ચાલાક પક્ષી 'કિવી', સ્ટીલના દાંત, બાળકોનું પ્રિય પાત્ર મિકી માઉસ, પ્લાસ્ટીકનો ડાયનોસોર, એવું રાજય જયાં કોઇ કેદખાનું નથી, કીડીઓ પણ વાતચીત કરે છે, સો વરસ પછી ચોપડી પરત, કરોડપતિ બિલાડી, લીંબુ ચમચીને બદલે દૂધની બાટલી, દર્શક નંબર એક કરોડ, બાળકો માટે વિશેષ પ્રાણીબાગ, છીંકોનો રેકોર્ડ, અઢી રૂપિયાની નોટ, સેન્ડવીચ ત્રણ વર્ષ સુધી તાજી તમ, ટેડીબેઅર સો વર્ષથી વધુ ઉંમરનું, પ્રાણીઓ કરે પોતાનો બચાવો, રિમોટથી ચાલતી મોટર સાયકલ, હરતી ફરતી ઓફિસ, હવામાં ઊડતું એમ્બ્યુલન્સ આવા તો અનેક વિષયોના રમૂજ પમાડે તેવી સામગ્રી તમને વન્ડરફૂલ વાતો પુસ્તકમાંથી મળશે.

**આ ત્રણે પુસ્તકો માટે સંપર્ક :**
**ડિવાઇન પબ્લિકેશન, ૩૦, બીજે માળ,**
**કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું સિનેમા, ગાંધી રોડ,**
**અમદાવાદ.**
**મો. નં. ૯૮૨૫૦૫૭૯૦૫ છે.**

**● રંગે હયાત**

**શાયર : દિલિપકુમાર મેવાડા**

ગઝલોના પુસ્તકો તમે ગુજરાતી, હિન્દી કે ઉર્દૂમાં જોયા વાંચ્યા હશે. પણ આ પુસ્તક અંગ્રેજીમાં છપાયું છે. ઉર્દૂ નઝમોને અંગ્રેજી લીપીમાં તો મુકવામાં આવી જ છે તે ઉપરાંત તેનું અંગ્રેજી ટ્રાન્સલેશન (અનુવાદ) પણ મુકી શાયરે એક નવો ચીલો ચાતર્યો છે. આ સંગ્રહમાં આપણને ૧૩૦ જેટલી આવી નઝમો મળે છે જે ઉર્દૂ ગઝલોને નઝમોના ઇશ્કના વિષયને અનુસરે છે. પરંતુ આ પુસ્તકનું પ્રગટીકરણ ચોક્કસ કયા વર્ગ માટે કરવામાં આવ્યું છે તે સમજાતું નથી.

**સંપર્ક સૂત્ર : ૪૩૯, કલ્પના સોસાયટી, ઘ-૬ સર્કલ પાસે,**
**સેકટર-૨૨, ગાંધીનગર**

## લક્ષ્મી માંડ - માંડ કેશવ પાસે તો પહોંચી ગઇ, ઉપરથી સળગેલા લાકડા તેના પગ પાસે પડ્યા, ફ્રરી કડાકો થયો

### કારણ એ 'મા' હતી લક્ષ્મી

- અનંત નં. વ્યાસ

ગામ આખું શાંતિથી નિંદ્રામાં પોઢ્યું હતું. દિવાળી નજીક આવતી હતી તેથી કોઇ કોઇ દુકાનમાં રંગરોગાન તથા સાફસૂફીનું કામ ચાલતું હતું. એકાદ નાની હોટલ કે ગલ્લાની ઝાંખી લાઇટ બળતી દેખાતી. મોડા સૂવાથી ટેવવાળા રડ્યા ખડ્યા માણસો પણ ઘર તરફ વળી ગયા હતા. ચોમેર શાંતિ ફેલાયેલ હતી. અચાનક કાન - ફાડી નાખે તેવો ધડાકો સંભળાયો. લોકો બેબાકળા થઇ જાગી ગયા. આ સમયમાં તો બોમ્બ - બ્લાસ્ટનું નામ પણ કોઇએ સાંભળ્યું ન હતું. એટલે 'શું થયું?, 'શાનો અવાજ થયો' એ જાણવા લોકો શેરીમાં ટોળે વળ્યા. ત્યાં તો ખબર પડી કે ફીદા હુસેનના ફટાકડાના કારખાનામાં આગ લાગી છે. લોકો કારખાના તરફ દોડ્યા.

ગામના ઉતરાદે ઝાંપે, ગામથી થોડે દૂર ફીદા હુસેનનું ફટાકડા બનાવવાનું કારખાનું હતું. ફીદાહુસેનનું કુટુંબ પેઢી - દર - પેઢી ફટાકડા બનાવવાનો ધંધો કરતું. ટેટા - લવિંગિય તથા ભિંતિયા - ફીદા હુસેનની ખાસ ચીજ મનાતી. આ ઉપરાંત નાના - મોટા અનેક પ્રકારના ફટાકડા પણ બનાવતા. દિવાળી નજીક આવી ગયેલી કામ ધમધોકાર ચાલતું હતું. એક બાજુ દારૂ ખંડાતો, માટી પલાળાય. પોટાશ અને ગંધકનું મિશ્રણ થાય. કામદારોમાં સ્ત્રીઓ એ પુરૂષો. સૌ આ કામના જાણકાર - કાયમના મજૂરો. ભાગ્યે જ ભુલ કરે... ભાગ્યવશાત આજે પોટાશ - ગંધકના મિશ્રણમાં જ અચાનક ધડાકો થયો. ધડાકો થતાં સૌ કામદારો માલ ફગાવી ઝટપટ બહાર દોડી ગયા. સૌ સાથે ગભરાયેલી લક્ષ્મી પણ બહાર દોડી આવી. બીજી ક્ષણે તેને ભાન આવ્યું. તેનાથી ચીસ પડાઇ ગઇ - મારો કેશવ, કેશવ - અંદર રહી ગયો. આ ખ્યાલ આવતા તે રોમ-રોમ કંપી ઊઠી. કેશવ - તેનો લાડકો દીકરો. ત્રણેક વરસનો, કાલુ-કાલુ બોલતો. મસ્ત બાળક. મા-બાપ બંને મજૂરી કરે પણ બાળકનું બરાબર લાલન-પાલન કરે. વૃદ્ધ સાસુ ઘરનું તથા બાળકનું ધ્યાન રાખતા. આમ તો કારખાનામાં બાળકોને લાવવાની જ મનાઇ હતી. પણ આજે સાસુ બહારગામ ગયેલા. પતિ રાત પાળીમાં ગયેલા તેથી લક્ષ્મી બાળકને સાથે લાવેલી. બાળક ઊંઘમાં આવતા ભીંત નજીકના પાણિયારા નીચે તેને સુવરાવી દીધેલો. ત્યાં જ આ ધડાકો થયો.

કેશવની યાદે લક્ષ્મી બે-બાકળી બની ગઇ. 'કેશવ' તેનાથી બૂમ પડાઇ ગઇ. આસપાસના લોકો કંઇ વિચારે તે પહેલાં લક્ષ્મી બળતી આગ તરફ દોડી બે મજૂરોએ તેના હાથ પકડી લીધા. લક્ષ્મીના ચહેરા પર વેદના તથા ઘેલછા ફરી વળ્યા. તેની આંખો બળથા મકાન તરફ મંડાઇ ગઇ. આગની ભીષણતા તો વધતી જતી હતી. જોત-જોતામાં મકાનનું છાપરૂં આગમાં લપેટાઇ ગયું ને ધડાકાભેર તૂટી પડયું. અવાજ થયો ને લક્ષ્મી જાણે ભાનમાં આવી. એક જ ઝપાટે હાથ છોડાવી તે આગમાં ઘસી ગઇ. લોકોએ માત્ર 'કેશવ' અવાજ સંભળાયો.

લક્ષ્મીની ચારેબાજુ અગ્નિની જવાળાઓ ફરી વળી. લક્ષ્મીને અટકાવવા પાછળ આવેલા લોકો પણ સહન ન થતાં પાછા હઠી ગયા. લક્ષ્મીને પ્રથમ તો કંઇ જ ન દેખાયું. તેના વાળ ભ્રમર બળી ગયા. ચાર ડગલાં ભરતાં પગના તળિયા દાઝી ગયા. ચામડી ફાટી ગઇ ને માંસના લોચા નીકળી પડ્યા. એક તો દારૂની આગ અને ચોમેર ફૂટતા ફટાકડાના અવાજો, ઉડતા તણખા લક્ષ્મીની નજર બાળકને જયાં સુવડાવ્યો છે ત્યાં ચોંટી છે... ચારે તરફ થતાં અવાજે લક્ષ્મીની ચેતના જાગૃત થઇ ગઇ. હજી બાળકને સુવરાવ્યો છે તે ખૂણો સલામત ઊભો છે. લક્ષ્મી એ બાજુ દોડી તેના કાને ફટાકડાના અવાજ નહિ બળતા અંગે બાળકની ચીજ જ પડતી હતી. 'કેશવ... મારો કેશવ...'

બહાર લોકો સારા પ્રમાણમાં એકઠા થયેલા. બંબો પણ આવી ગયેલો. પાણીનો મારો ચાલુ થઇ ગયેલો, પણ ફૂટતાં ફટાકડાના તણખા લોકોને દઝાડતા હતા. માનવ અને પ્રકૃતિ વચ્ચે બચાવ તથા વિનાશનો જંગ મંડાઇ ચૂક્યો હતો. લક્ષ્મી માંડ - માંડ કેશવ પાસે તો પહોંચી ગઇ. ઉપરથી સળગેલા લાકડા તેના પગ પાસે પડ્યા. ફરી કડાકો થયો. અત્યાર સુધી સલામત ઊભેલો ખૂણો પણ તૂટી પડયો. ગરમાગરમ ઇંટ તથા પથ્થરનો વરસાદ વરસ્યો. આ ભીષણ અગ્નિવર્ષાએ લક્ષ્મીને પાડી દીધી. બે જ ક્ષણ બાળક તરફની કોઇ પ્રબળ ભાવનાએ દેહ બેઠો થયો. ઘસડાતાં ઘસડાતાં એ બાળક સુધી તો પહોંચી ગઇ અને પોતાના આ લાડકા દિકરા પર સળગતું લાકડું કે કોલસા ન પડે તે માટે તેના પર ઝૂકી ગઇ. જે કંઇ થાય તે ભલે મને થાય. પણ મારો બાળક...

ભીંત પડવાથી ખૂણો ખુલ્લો થયો. લોકોએ લક્ષ્મીને જોઇ. એ બાજુ પાણીનો મારો ચલાવ્યો. આગ જરા પાછી હઠી તો યુવાનો લક્ષ્મી તથા કેશવને બહાર કાઢવા ઘસી ગયા.

લોકોએ જોયું બાળકને બે હાથ તથા પગ વચ્ચે રાખી લક્ષ્મી ઝૂકેલી. જે કંઇ પડે તે ભલે મારી પીઠ પર પડે પણ મારા બાળકને ઇજા ન થવી જોઇએ. અને કોઇ કુદરતી કરામતને કારણે પાણિયારાનો મોટો પથ્થર લક્ષ્મીની પીઠના ટેકે ટકી ગયેલો. આ બંનેથી બનેલાં પોલાણમાં બાળક હતું. લક્ષ્મી તો પુરેપુરી દાઝી ગઇ હતી. ભયંકર આગની જવાળાઓએ તેને તો ભરખી લીધેલી. બાળક પર સારી રીતે દાઝી ગયેલ. તુરત હોસ્પિટલમાં પહોંચાડ્યા. પણ ન બચી લક્ષ્મી, ન બચ્યું બાળક... બચી માત્ર લક્ષ્મીની માતૃભાવના.

ફીદા હુસેનને આઘાત લાગ્યો તેણે ફટાકડાનો ધંધો બંધ કર્યો. એ જગ્યા મ્યુનિસિપલને સોંપી દીધી. આજે તો ત્યાં પ્રાથમિક શાળા ચાલે છે, હજારો કેશવ મરે છે. આનંદ કરે છે. શાળાના મેદાનની એક બાજુ પર પડ્યો છે પેલો પાણિયારાનો કાળો પથ્થર - કયારેક કોઇક લક્ષ્મી વાત કરતા રડે છે. આ આગમાં દોડી ગઇ કારણ... 'એ' મા હતી.

## નસીબને સહારે મળેલા ધનનો આનાથી ઉત્તમ ઉપયોગ શો હોઇ શકે? ઉત્તમ સેવાના આ નમૂનારૂપ ભવ્ય પુસ્તકાલય આજે પણ આ શહેરની આગવી ઓળખ બની કાર્યરત છે

### ઉત્તમ સેવાદાન વાર્તા

- હર્ષદરાય ઉપાધ્યાય

વર્ષો થતી સેવાની અનોખી મિસાલ કહી શકાય તેવી અનોખી વિદ્યા - પરબ શહેરની એક શોભા બની રહી છે. વાત છે મોડાસા શહેરની અને લગભગ ૪૦ વર્ષ પૂર્વેની આ વાત છે.

સૌરાષ્ટ્રના વેરાવળ પાસે શારદાગ્રામ નામની વિદ્યાની વિશિષ્ટ સંસ્થા ઊભી છે. વર્ષો પહેલાં ત્યાંથી તૈયાર થયેલ રમણભાઇ એક આદર્શ શિક્ષક તરીકે ખ્યાતિ પામી ચૂક્યા હતા. ઉત્તર ગુજરાતના વતની હોઇ વતનમાં નોકરી કરવાની ઇચ્છા હતી. પરિવારમાં પતિ-પત્ની બે વ્યક્તિ હતા. નોકરીની શોધમાં બંને નાનકડા મોડાસા નગરમાં આવી પહોંચ્યા. દિવસો ચોમાસાનાં હતા. આથી તેઓએ એક લોજમાં રહેવાનું ગોઠવ્યું. નોકરીની ચિંતા હતી. નસીબજોગે બીજા દિવસે નગરની એક શાળામાં તેમણે મુલાકાત લીધી અને પસંદગી પામ્યા. બીજા જ દિવસથી નોકરી શરૂ થઇ ગઇ. હવે પ્રશ્ન હતો રહેવાનો. તાત્કાલિક તો લોજમાં રોકાણ કર્યું હતું. અને ત્યાં જ ભોજનની વ્યવસ્થા હતી.

નોકરીથી છૂટ્યા બાદ બંને ઘરની તપાસમાં ગામમાં ફરતાં પરંતુ નાના શહેરમાં મકાન મળવું મુશ્કેલ હતું. બંને ચિંતામાં હતા. વર્ષાઋતુ હોઇ વરસાદ હોય જ એને એમાંય તે દિવસોમાં હેલી વરસવાની શરૂ થઇ હતી. ભારે વરસાદ અને ચારેબાજુ પાણી જ પાણી. માંડ કોઇ ઘરબહાર જવાનું પસંદ કરતા.

ભારે વરસાદથી અંધારૂ પણ જામ્યું હતું. સર્વત્ર જળબંબાકાર હતું. રમણભાઇ અને તેમનાં પત્ની લોજમાં જમીને પરવાર્યા હતા. બહાર ઓટલા ઉપર થોડાક લોકો અજંપા ભર્યા બેઠા હતા. માર્ગ ઉપર લાઇટનાં થાંભલે બલ્બ પણ ઝાંખા પ્રકાશતા હતા. વિજળી અને મેઘગર્જના ડરામણાં લાગતાં હતાં. રમણભાઇ એક ખાલી બાંકડે બેસી વિચારમગ્ન હતા. ત્યાં બીજા ખૂણે બે માણસ વાતો કરી રહ્યાં હતા.

"પછી તે મકાનનું શું કર્યું ?" જવાબ મળ્યો. "યાર, મકાન શોધું છું. પણ ઢંગનું મળતું નથી." કેમ તું તો કહેતો હતો ને કે તેં એક મકાન શોધી કાઢ્યું છે?" હા, પણ એકતો તે મકાન શહેરમાં દૂર સોનીવાડામાં છે, વળી કાચા જેવું છે. માથે નળીયાં છે. થોડું વ્યવસ્થિત હોય તો સારૂં. 'તો તું ત્યાં રહેવા નથી જવાનો?' 'ના...રે..., ત્યાં મને ન ફાવે. મારી પત્નીને તે નહી ગમે. હા, બે-ત્રણ દિવસ બીજે તપાસ કરૂં છું નહીં મળે તો જોઇશ, પણ મારી તો ત્યાં ના જ છે.' વાતો સાંભળતાં જ રમણભાઇ ઉભા થયા. રૂમમાં જઇ છત્રી લઇ સીધા નીકળ્યા. પેલા બે માંથી એક બોલ્યો, "કેમ માસ્તર, આટલી રાત્રે, ભારે વરસાદમાં અચાનક કયાં ઊપડયો?" કાંઇ નહીં, એક કામ યાદ આવ્યું છે. અરજન્ટ છે. હમણાં આવું છું." કહેતા તેઓ નીકળ્યા. એક બંધ થતી દુકાનમાંથી તાળું ખરીદ્યું. પહોંચ્યા સીધા સોનીવાડામાં. ત્યાં જઇ બે-ત્રણ જણને બારણાં ઠોકી પૂછ્યું અને જે મકાન ખાલી હતું તે શોધી કાઢ્યું. મકાન માલિકે "પેલા ભાઇ મકાન જોઇ ગયા છે" ની વાત કરી. પરંતુ રમણભાઇએ વિગતે સમજાવ્યું કે તે ભાઇની ઇચ્છા નથી. ભાડું નક્કી થયું અને રમણભાઇએ ઘરને તાળું માર્યું.

બીજા જ દિવસે તેઓ ત્યાં સવારમાં રહેવા આવી ગયા. બજારથી તાત્કાલિક જરૂરી સામાન લાવ્યા. અને ઘર શરૂ થઇ ગયું. સાંજે પેલા ભાઇને બીજે વ્યવસ્થા ન થતાં અહીં આવ્યા. પરંતુ રમણભાઇને જોતાં તે તો અવાચક બની ગયા અને રાત્રે રમણભાઇનું જવાનું થયું તે પાછળનું રહસ્ય સમજાઇ ગયું.

રમણભાઇ તે ઘરમાં રહેવા લાગ્યા. અગવડ વચ્ચે ગોઠવાતા ગયા. અને ત્રીસ વર્ષ ત્યાં જ રહ્યાં. બાળકો ત્યાં જ જન્મ્યા અને મોટા થયાં. દર વર્ષે પ્રગટિ થઇ રહી. તેમના ઉત્તમ સ્વભાવથી મકાન માલિકે તે ઘર તેમને જ વેચી નાખ્યું. હવે તેઓ ઘરના માલિક બન્યા. પોતાનું ઘર થતાં રમણભાઇએ ઘર સુધરાવવાનું ગોઠવ્યું. મકાન રિનોવેશન શરૂ થયું. પરંતુ એક દિવાલ તોડતાં અંદરથી એક ગોળ મળ્યો જેમાં સારા અને સોનાનાં દાગીના તથા રોકડ કિંમતી સિક્કા હતા.

પ્રામાણિક રમણભાઇ એ તરત મકાન માલિક ભોગીલાલ નો સંપર્ક કર્યો અને તેમના પૂર્વજોની પૂંજી તેમને આપવા માંડી. પણ સામે ભોગીભાઇ એટલા જ પ્રામાણિક હતા. તેમણે પણ તે લેવાની ના પાડી. મીઠો ઝઘડો અને લાંબી રકઝક થઇ. બંને પરિવારના સભ્યો પણ તેમના જેવા જ હતા. બંને રકમ રાખવા તૈયાર ન હતા.

છેવટે બંનેએ ભેગા બેસી વિચાર્યું કે આ ધન અચાનક મળ્યું છે. આપણી મહેનતનું નથી. આથી આ ધનનો યોગ્ય ઉપયોગ થાય તેમ ગોઠવવું. છેવટે વિદ્યાના ઉપાસક એવા રમણભાઇએ નબળાં અને ગરીબ વિદ્યાર્થીઓ માટે સુંદર પુસ્તકાલય ઊભું કરવા સૂચવ્યું. બધાંએ આ સૂચનનો સહર્ષ સ્વીકાર કર્યો. રમણભાઇએ ઘરની ઉપર એક મોટો ઓરડો તૈયાર કરાવ્યો. તેમાં અભ્યાસને લગતાં પુસ્તકો, સાહિત્ય વગેરે વસાવ્યું. જોતજોતામાં શાળાથી લઇ કોલેજ કક્ષાનાં પુસ્તકો વસાવાઇ ગયાં. અને જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુસ્તકો અપાવા લાગ્યા. અનેક વિદ્યાર્થીઓ આ ઉત્તમ સેવાના આધારે સુંદર અભ્યાસ કરી ચૂક્યાં છે અને આજે અનેક વિદ્યારથીઓ તેનો લાભ લઇ જીવન વિકાસ કરી રહ્યાં છે.

નસીબને સહારે મળેલા ધનનો આનાથી ઉત્તમ ઉપયોગ શો હોઇ શકે? ઉત્તમ સેવાના આ નમૂનારૂપ ભવ્ય પુસ્તકાલય આજે પણ આ શહેરની આગવી ઓળખ બની કાર્યરત છે.

પુસ્તક સેવા એ જ ઉત્તમ સેવા અને વિદ્યાદાન એ જ શ્રેષ્ઠદાનનો પ્રચાર-પ્રસાર થવો રહ્યો.